જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૮/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૨૫/૧૮

જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશનઃ

## મો.સા ચોરને પકડી વસ્ત્રાપુર પો.સ્ટેનો ચોરીનો ગુનો શોધતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી હાલમાં વધતા જતાં ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબના માર્ગદર્શન અનુસાર સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો અહેકો બળવંતસિંહ મંગળસિંહ બ.નં ૯૩૧૬ તથા અપોકો ફીરોજશા મરદાનશા બ.નં ૯૦૦૧ તથા એલ.આર હરદીપસિંહ ભુપતસિંહ બ.નં ૪૮૫ તથા એલ.આર રાજુભાઈ વિહાભાઈ બ.નં ૧૨૭૬૭ તા:૦૮/૦૮/૨૦૧૮ ના રોજ જીઆઇડીસી વટવા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અપોકો ફીરોજશા મરદાનશા તથા એલ.આર હરદીપસિંહ ભુપતસિંહ નાઓની બાતમી આધારે વિંઝોલ રેલ્વે ફાટક પૂર્વ તરફ જીઆઈડીસી વટવા ખાતેથી એક ઈસમ વિરેન્દ્ર હેમસિંગ જાતે પલાસ ઉ.વ- ૨૦ હાલ રહે.ગામ-દેવકી તા-સાણંદ જી-અમદાવાદ કાયમી રહે- વીમાના દવાખાનાની પાછળ છાપરામાં ફેઝ-૨ જીઆઈડીસી વટવા અમદાવાદ શહેર નાને સ્પ્લેન્ડર મો.સા નં GJ-01-LW-7153 કિંમત રૂ ૨૫૦૦૦/- સાથે મળી આવતા તેની પૂછપરછ કરતા તેણે આ મો.સા તા:૨૬/૭/૧૮ ના રાત્રીના એક-દોઢ વાગે વસ્ત્રાપુર ઔડાના મકાનના પાર્કીંગમાંથી ચોરી કરેલ હોવાનું જણાવેલ જેથી તેને તા:૦૮/૦૮/૧૮ ના ક: ૧૯/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.આ રીતે વસ્ત્રાપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં ૧૫૪/૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબના ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે

**<u>સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનઃ</u>**

**<u>પશુ સરક્ષણ ધારા હેઠળ ગણનાપાત્ર કેસ શોધી કાઢતી સોલા હાઇકોર્ટ પોલીસ</u>**

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રીના હુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૧ સાહેબ તથા મે મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના સીનીયર પો.ઇન્સ.શ્રી જી.એસ.શ્યાન તથા સેકન્ડ પો.ઇન્સ. ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા ગુનાઓ અટકાવવા સારૂ પો.સ.ઇ. વી.યુ.પાડવી તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીગમાં હતા દરમ્યાન સવાર કલાક ૫/૦૦ વાગે બાતમી હકીકત આધારે સોલા સીવીલ હોસ્પીટલ ત્રણ રસ્તા એસ.જી.હાઇવે ખાતેથી એક ટાટા ટરબો ટ્રક નં-આર.જે-૧૯-જી.ડી.-૦૩૪૫ માં ભેંસવંશ ના જીવતા નાના મોટા પશુઓ નંગ-૪૦ કિં,રૂ-૪૦૦૦૦૦/-ના પગ બંધી હલન ચલન ના કરી શકે તે રીતે પાણી અને ઘાંસચારા વગર રાજસ્થાન થી ભરી લાવી સરખેજ ખાતે મોહસીન @ દાઢી નાઓના જણાવ્યા મુજબની જગ્યાએ લઇ જતા હતા દરમ્યાન આરોપી (૧) ઇમરાન ફકીરમહંમદ કુરેશી ઉ.વ-૨૭ રહે-બાદરપુર રાજપુર તા-ડીસા જી-બનાસકાંઠા (૨) અમીરખાન અનવરખાન પઠાણ ઉ.વ-૧૯ રહે-બીકી કમ્પાઉન્ડ રાજપુર રોડ મદ્રેસાની બાજુમાં, રાજપુર તા-ડીસા જી-બનાસકાંઠા નાને ટ્રક સાથે પકડી લઇ અત્રે સોલા હાઇકોર્ટ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં-૩૨૦૦/૨૦૧૮ ધી ગુજરાત પશુ સંરક્ષણ અધિનીયમ-૨૦૧૭ ની કલમ ૫.ક.૭ તથા પશુ તરફ ઘાતકી વર્તન અટકાવવા માટેના કાયદાની કલમ ૧૧(ડી), ૧૧(ઇ), ૧૧(એફ), ૧૧(એચ), મુજબનો ગુનો દાખલ કરી પશુઓને સારસંભાળ માટે પાંજરાપોળ ખાતે મોકલી આપી સારી અને પ્રશંસનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

**<u>દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ</u>**

# <u>મિલકત સબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ તથા પો.કો.રફીક યુનુસભાઇનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **આમીન સ/ઓ અબ્દુલભાઇ કાલુભાઇ શેખ ઉ.વ.૧૯ રહે : મ.નં.૪ બિસ્મીલ્લાહનગર બાવાલબલબીની દરગાહની પાસે દાણીલીમડા અમદાવાદ શહેર** નાઓને **હિરો હોન્ડા મો.સા.નંબર જીજે.૦૧.એમ.એ.૦૭૦૬ <u>આશરે કિ,રુ,૩૫,૦૦૦/</u>** ની મત્તાના મુદામાલ સાથે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી લઇ સદરીની પુછપરછ દરમ્યાન સદર ઉપરોક્ત એલિસબ્રિજ પો.સ્ટે.વિસ્તારમાંથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી **<u>એલિસબ્રિજ પો.સ્ટે.ગુ.ર.નં.૯૬/૧૮ ઇ.પી.કો.કલમ-૩૭૯</u>** મુજબનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.

ગોમતીપુર પોલીસ સ્ટેશનઃ

## છેલ્લા એક વર્ષથી મર્ડરના ગુનામાં આજીવન કેદની સજા કાપી રહેલ પાકા કામના કેદી નં.૧૪૫૭૧ નાને ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં પેરોલ જંમ્પ કરેલ આરોપીઓને પકડવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એન.પી.રાઠોડ તથા હેકો રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૩૬૭૨ તથા હેકો નરેન્દ્રસિંહ શીવસિંહ બ.નં.૯૧૦૦ તથા પોકો ભરતસિંહ મનુભાઈ બ.નં.૯૯૭૬ તથા પોકો કૃણાલ દીલીપભાઈ બ.નં.૧૦૪૨ તથા પોકો ભગીરથસિંહ વિક્રમસિંહ બ.નં.૧૩૦૮૭ તથા  પોકો સુરપાલસિંહ તખતસિંહ બ.નં.૯૯૮૩ તથા પોકો દિનેશભાઈ ગેમરભાઈ બ.નં.૪૦૦ તથા પોકો સંજયભાઈ મોહનભાઈ બ.નં.૪૨૮૭ અનિલભાઈ પુનમભાઈ બ.નં.૩૩૨૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલંન્સ સ્કોડના પોકો ભરતસિંહ મનુભાઈ તથા પોકો કૃણાલ દીલીપભાઈ નાઓને બાતમી હકીકત મળેલ કે એક ઈસમ નામે ભીખાભાઈ ઉર્ફે ભરત બાપુજીભાઈ  પટેલ કે જેણે શરીરે છીંકણી કલરનુ અડધી બાયનુ શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે તે ઈસમ છેલ્લા એક વર્ષથી પેરોલ જંમ્પ છે અને તે રખીયાલ કલંદરી મસ્જીદ તરફથી પગે ચાલતો આવી અત્રેથી આગળ જવાનો છે. જે બાતમી હકીકત આધારે સદરી ઈસમની વોચમાં હાજર હતા દરમ્યાન ભીખાભાઈ ઉર્ફે ભરત સ/ઓ બાપુજીભાઈ  મુળજીભાઈ પટેલ ઉ.વ.૩૬ રહે.મુ.પો.ઝીંઝવા તા: ખડાણા જીલ્લો: મહીસાગર તથા મ.નં.૬૭૬/૪૪૨૩ ગુ.હા બોર્ડના મકાનમાં બાપુનગર ચાર રસ્તા પાસે બાપુનગર અમદાવાદ શહેર નાનો મળી આવેલ અને સદરી ઈસમ મર્ડરના ગુનામાં સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે પાકા કામના કેદી નં.૧૪૫૭૧ તરીકે આજીવદ કેદની સજા કાપી રહેલ છે અને તા.૧૨/૧૦/૨૦૧૭ ના રોજ પેરોલ રજા ઉપર આવેલ હતો અને તા.૨૯/૧૦/૨૦૧૭ ના રોજ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે હાજર થવાનુ પરંતુ હાજર થયેલ નહી અને પેરોલ જંમ્પ થયેલ હોય જેથી પાકા કામના કેદીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા સારૂ તજવીજ કરવામાં આવેલ છે.તા.૦૮/૦૮/૨૦૧૮



**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"અમરાઇવાડી" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "અમરાઇવાડી" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.